પહેલાં લેવી જરૂરી છે.

**શું ધાર્મિક દૃષ્ટિએ કિડની અને અન્ય અંગો દાનમાં આપી શકાય ?**

સમગ્ર જગતમાં આ પ્રકારના દાનને અમૂલ્ય ગણાવાય છે. આ દાનથી તમારા મૃત્યુ બાદ પણ તમે જીવંત રહો છો, તમારા અંગો અન્ય શરીરમાં જીવંત રહે છે. જગતના બધા જ ધર્મવડાઓ અને ધર્મોએ આ ઉદાત્ત અને ઉમદા કાર્યને બિરદાવ્યું છે.

**શું એવા કોઈ નોંધાયેલા કિસ્સાઓ બન્યા છે જેમાં એક વખત મગજથી મૃત જાહેર થયેલ વ્યક્તિએ પાછળથી સામાન્ય જીવન વિતાવી હોય ?**

ના. જ્યારે તમે એવી વ્યક્તિ વિષે સાંભળો કે તેઓ 'બ્રેઈન-ડેડ' થયા બાદ પુનઃ સામાન્ય બન્યા ત્યારે જાણવું કે તેઓ વાસ્તવમાં 'બ્રેઈન-ડેડ' હતા જ નહિ. તેઓ કાંતો ગહન બેભાનાવસ્થામાં હતા, કે કાંતો થોડી મગજની પ્રવૃત્તિ સાથે એક વનસ્પતિની જેમ જીવંત હતા. તેવી સ્થિતિ હોય તો જ પુનઃજીવનનો સંચાર સંભવિત બની શકે છે.

**આશા અને ત્યાગ વચ્ચેની મથામણ અંગે શું કરવું ?**

આપણે કેટલીક વખત એ વાતનો સ્વીકાર કરવો જ પડે છે કે આપણે સ્થિતિમાં કોઈ બદલાવ લાવી શકવા સમર્થ નથી જ્યારે મગજને મૃત જાહેર કરાય છે ત્યારે આશાનો એક તાંતણો પણ રહેતો નથી અને હવે ત્યાગ કરવાનો સમય આવી ગયો જાણવો. ખોટી આશા મોટી હાનિ લાવી શકે છે અને આપણા લાગણીતંત્રને સ્વસ્થ બનાવનાર શોકસંતાપની ભાવનાને મોકળાશ મળતી નથી.

**શું આવા શોકના અને ખોટના પ્રસંગે મૃતશરીરનાં અંગો/ટીશ્યૂ જેવી ચીજોના દાન માટે વાત કરીને હોસ્પિટલનો કર્મચારીગણ અને દાન માટે અંગ મેળવવા ધારતો વિભાગ અમારું વધારે અપમાન કરીને અમારી લાગણીઓને ઠેસ નથી પહોંચાડતો ?**

ખરું જોતાં તો અંગ/ટીશ્યૂ પ્રત્યારોપણની પ્રક્રિયા અન્ય વ્યક્તિને પુનર્જીવન અને વધુ ઉચ્ચ ગુણવત્તાવાળું જીવન બક્ષે છે. દાતા પરિવારને આવે વખતે પણ અન્યોની મદદ કરવાની તક ઊભી થાય છે જ્યારે તેઓ સ્વયં શોક અને ખોટની લાગણીમાંથી પસાર થતા હોય.

**શું અમને એ જણાવવામાં આવશે કે કયાં અંગોનો ઉપયોગ કરાયો અને તે કોને મળ્યાં ?**

સામાન્ય રીતે નામોને ગુપ્ત જ રાખવામાં આવે છે અને અંગોના દાતા અને પ્રાપ્ત કરનારનાં નામો એકમેકને પણ નથી જણાવવામાં આવતાં.

સી.કે.ડી. વડે તમે ઘણા પીડિત રોગીઓને નવજીવન આપી શકો છો.

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનું આ સી.કે.ડી. કાર્યક્રમમાં શું કાર્ય અને ભૂમિકા છે ?**

આઈ.આર.એફ.નં કાર્ય દાતા અને દાન મેળવનાર વચ્ચે એક સેતુ બનવાનું છે. આઈ.સી.યુ. વોર્ડ, હોસ્પિટલો, ટ્રોમા સેન્ટરો, વગેરેમાંથી આઈ.આર.એફ. નો સંપર્ક સાધવામાં આવશે અને તેમાં દાખલ થયેલ મગજથી મૃત જાહેર થયેલ વ્યક્તિની જાણકારી અપાશે. આઈ.આર.એફ.ના સ્વયંસેવકો તે વ્યક્તિના સંબંધીઓને મળીને દાન અંગે સમજ પૂરી પાડી કિડનીદાન માટે તૈયાર કરવા પ્રયત્નો કરશે.

જો આ સંબંધીઓ તે માટે તૈયાર થશે તો આઈ.આર.એફ. ના સ્વયંસેવકો હોસ્પિટલના કર્મચારીઓને તે જણાવશે અને એ લોકો સંબંધીઓ તરફથી સંમતિપત્ર પર હસ્તાક્ષર મેળવી લેશે.

**આઈ. આર. એફ. જેવી સંસ્થાએ આ બધું કરવાની શી આવશ્યકતા છે ?**

વસ્તુતઃ દાતાઓ અને કિડની વગેરે મેળવવાની જરૂરિયાત ધરાવનારાઓ વચ્ચે ઘણું મોટું અંતર છે, જેથી સમયસર આ કાર્ય થઈ શકતું નથી. ઘણાં બધાં અંગો આ જ કારણે વ્યર્થ જતાં હોય છે. કોઈને આવા દાન કે દાન માટે થતી પ્રક્રિયામાં રસ હોતો નથી. ટ્રાન્સપ્લાન્ટ કરતી સંસ્થા સ્વયં પોતે એક ભાગીદાર હોવાને લીધે આ પ્રક્રિયામાં પહેલ કરશે નહિ. મૃત વ્યક્તિનાં સંબંધિઓ પણ ભૂમિકા અદા કરશે નહિ કેમકે તેઓને સી.કે.ડી. અંગે જ્ઞાન હોતું નથી અથવા આવા નાજુક પ્રસંગે તેઓ આ બાબતે વિચાર કરી શકતાં હોતાં નથી.

આવા વાતાવરણમાં, આઈ.આર.એફ.ના સ્વયંસેવકો દર્દીના સંબંધીઓને તેઓ કઈ રીતે દાન આપી શકે વગેરે બાબતે સમજાવીને તેમને રાજી કર્યા બાદ ટ્રાન્સપ્લાન્ટ કરનાર સંસ્થાને આ બાબતે જાણકારી આપશે.

આમ સી.કે.ડી.નો ખ્યાલ જલદીથી પ્રચાર પામશે અને જે રોગીઓ પ્રત્યારોપણ માટે રાહ જોઈ રહ્યા હોય તેની સંખ્યા પણ ઘટશે. આનું સીધું પરિણામ ભારતમાં થતાં પ્રત્યારોપણોની સંખ્યા પર પડી શકશે.

## કિડનીદાન માટે સંપર્ક કરો

**ફોન : ૦૭૯ - ૨૬૫૮ ૪૨ ૫૧**

**૦૭૯ - ૨૬૫૮ ૭૦ ૪૨**

**મોબાઈલ : ૯૨૨૭૨ - ૧૧૫૮૫**

Registration No. :- U85110GJ2002NPL40355

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન**
૬૦-૬૧, એ વીંગ, નોબલ્સ, નહેરૂબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ઈન્ડિયા.
ફોન : + ૯૧-૭૯-૨૬૫૮૪૨૫૧, ફેક્સ : +૯૧-૭૯-૨૬૫૮૭૦૪૨
બરોડા : ૯૨૨૭૧-૦૧૭૬૨, રાજકોટ : ૯૨૨૭૨-૫૧૫૮૫, સુરત : ૯૨૨૭૯-૨૧૦૬૧
e-mail: irf@indiarenalfoundation.org
visit us at: www.indiarenalfoundation.org

Unique:27415692
Date : 12th Feb. 2005

# જીવનદાન

## કેડેવેરીક કિડનીદાન કાર્યક્રમ

**ભારતમાં**

- ૧૦,૦૦૦ માંથી એક વ્યક્તિમાં કિડની નિષ્ફળ થાય છે.
- લગભગ ૧૦ લાખ જેટલા કિડની નિષ્ફળતાના દર્દીઓ
- કેવળ ૪૦,૦૦૦ (૩ થી ૪%) ને ચિકિત્સા મળે છે
- બે વર્ષ સુધી ડાયાલિસીસનો ખર્ચ એકવાર પ્રત્યારોપણ કરાવવા જેટલો
- પ્રત્યારોપણ માટે કેવળ ૮૦ જેટલાં કેન્દ્રો
- પ્રતિ વર્ષ કેવળ ૩૦૦૦ કિડની પ્રત્યારોપણ
- ૨૦૦ થી પણ ઓછા પ્રમાણમાં કેડેવેરીક કિડનીનાં પ્રત્યારોપણ

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન**

Exemption u/s. 80G of the Income Tax Act. 1961, granted vide letter no. DIT(E)/80G(5)/1052/01-02 dated 31-10-2002 by Director of Income Tax (Exemptions) Ahmedabad for the period from 14-12-2001 to 31-03-2006.

ભારતમાં લગભગ ૧૦ લાખ જેટલા લોકો કિડની રોગના અંતિમ તબક્કામાં છે, અને તેમાંના કેવળ ૪૦,૦૦૦ જેટલા દર્દીઓને નિર્ધારિત ચિકિત્સા પ્રાપ્ય છે. ભારતમાં પ્રતિવર્ષ માત્ર ૨૫૦૦ થી ૩૦૦૦ જેટલાં જ કિડની પ્રત્યારોપણનાં ઓપરેશનો થાય છે.

આપણા દેશમાં પ્રત્યારોપણનો આંક આટલો નીચો હોવાનાં કેટલાંક નીચે જણાવેલાં કારણો છે :

(૧) જીવંત દાતા તરફથી કિડની મળતી નથી.

(૨) કેડેવેરીક કિડનીના દાનનું પ્રમાણ નહિવત્ છે.

(૩) પ્રત્યારોપણ કરાવવું અને તેની સંભાળ લેવા માટે મોટો ખર્ચ કરવો પડે છે.

ભારતમાં જે કંઈ કિડનીદાન થાય છે તેના ૯૮% તો જીવંત વ્યક્તિએ કરેલાં દાન હોય છે. એક નાનકડો હિસ્સો- ૧ થી ૨% જેટલો જ તેમાં કેડેવેરીક કિડનીના દાનનો છે. સંબંધિત વ્યક્તિ પાસેથી કિડનીદાન મેળવવાની તકો ઘણી સીમિત રહે તે સ્વાભાવિક છે. પરંતુ કેડેવેરીક કિડનીના દાનની સંભાવના આ ક્ષેત્રે નવી આશા ઉભી કરી શકે તેમ છે.

### અંગ પ્રત્યારોપણ શું છે ?

જ્યારે કોઈ રોગ અંતિમ તબક્કામાં પહોંચે, ત્યારે તેની સાથે જોડાયેલું વિશિષ્ટ અંગ (જે કિડની, લીવર, હૃદય વગેરે હોઈ શકે) પોતાનું કાર્ય કરવા અસમર્થ બની જાય છે. તેનું કાર્ય હવે બીજા શરીરમાંથી લીધેલા તેજ અંગને સોંપી શકાય છે. એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં આ અંગોની રોપવાની ક્રિયાને અંગ પ્રત્યારોપણ કહે છે.

### અંગદાન શા માટે ?

કેટલાય લોકો રોગની એવી સ્થિતિએ પહોંચ્યા હોય છે કે તેમને સાજા કરવા માટે કેવળ અંગ બદલવાથી જ હેતુ પૂરો થઈ શકે તેમ હોય. અન્ય કોઈ પણ ઉપલબ્ધ ચિકિત્સાઓ કરતાં આ અંગ બદલવાની ચિકિત્સા તેમને માટે ઉત્તમ ચિકિત્સા બનતી હોય છે.

### કયા અંગોનું દાન થઈ શકે ?

કિડની, હૃદય, ફેફસાં, આંખો, લીવર, પેન્ક્રીયાસ અને આંતરડાંનું દાન કરી શકાય. લોહી, હાડકાં અને અસ્થીમજ્જા (બોનમેરો) પણ દાન કરી શકાય છે.

### શા માટે કિડનીનું દાન ?

એક વખત જો શરીરમાં બંને કિડનીઓ નિષ્ફળ જાય, તો દર્દી પાસે કેવળ બે રસ્તા ખુલ્લા રહે છે - કાં તો ડાયાલિસીસ કરતા રહેવું અથવા કિડની પ્રત્યારોપણ કરાવવું. ડાયાલિસીસ લેનાર રોગીની તુલનામાં પ્રત્યારોપણ થયેલા દર્દીના જીવનની ગુણવત્તા ઘણી વધારે સારી હોય છે. આમ, કિડનીનું દાન કરવાથી જીવનની ગુણવત્તા સુધારવા અને જીવનને વધુ સરળ તથા દીર્ઘ બનાવવાનું કામ કિડનીના દાનથી શક્ય બને છે.

### કિડની પ્રત્યારોપણ કેટલાં પ્રકારનાં છે ?

મુખ્યત્વે કિડની પ્રત્યારોપણ ત્રણ પ્રકારે થઈ શકે છે :



(૧) જીવંત અને સંબંધિત વ્યક્તિ પોતાના સંબંધીને કિડનીનું દાન આપે - જેમકે ભાઈ બીજા ભાઈ-બહેનને આપે, માતા-પિતા પોતાનાં સંતાનોને આપે વગેરે.

(૨) જીવંત પણ સંબંધિત વ્યક્તિ ન હોય : તેમાં એવી કોઈ વ્યક્તિનું દાન જે લોહીના સંબંધે જોડાયેલ ન હોય. જેમાં પરિણીત સાથી કે અન્ય લાગણીના સંબંધે જોડાયેલી વ્યક્તિ, તેવી વ્યક્તિ પોતાની કિડનીનું દાન કરે.

(૩) કેડેવેરીક (મૃતશરીર) : તેમાં એવા મૃતશરીરમાંથી કિડનીનું દાન અપાય જે વ્યક્તિનું મગજ કામકરતું બંધ થયું હોય (જેને બ્રેઈન-ડેડ કહે છે).

### મગજનું મૃત્યુ શું છે ? મૃત્યુ કરતાં તે કઈ રીતે જુદું પડે છે ?

મગજ (બ્રેઈન)નું મૃત્યુ એટલે શરીરની એવી સ્થિતિ જેમાં મગજની સર્વ કાર્યશક્તિઓ પુનઃ પ્રાપ્ત ન થઈ શકે. આ સ્થિતિની વ્યક્તિઓ કોમામાં નથી હોતી. એ એક એવી સ્થિતિ છે જેમાંથી સભાનતા પાછી ફરવાની સ્થિતિ કદી પણ પેદા થવાની નથી. આ સ્થિતિમાં વ્યક્તિનું હૃદય ધબક્યા કરે છે, રક્તનું શરીરમાં પરિભ્રમણ થયા કરે છે. ‘વેન્ટીલેટર’ નામનું મશીન તેની શ્વસનપ્રક્રિયા ચાલુ રાખે છે. પરંતુ જે ક્ષણે તે મશીનની સ્વીચ બંધ કરાય કે તરત જ હૃદય અને રક્તપરિભ્રમણની ક્રિયાઓ પણ બંધ થઈ જાય છે.

સામાન્ય રીતે અને સામાન્ય વ્યક્તિ માટે આપણે એ વ્યક્તિને ત્યારે મૃત માનીએ છીએ જ્યારે તેનું હૃદય ધબકતું બંધ થઈ જાય. આ જ ‘મૃત્યુ’ છે. પણ હૃદય બંધ પડ્યા પછી થોડો સમય તેનું મગજ કાર્યરત રહેતું પણ હોઈ શકે છે.

### મગજનું મૃત્યુ કઈ રીતે થાય છે ?

(૧) મગજ તરફ જતી ધોરી નસમાં અવરોધ ઊભો થાય અથવા મગજમાં કશો અવરોધ ઊભો થાય, હાર્ટ-એટેક આવે (જેમાં હૃદય થોડી ક્ષણો/સમય માટે કામ કરતું બંધ થઈ જાય) મગજમાં રક્તસ્રાવ થાય.

(૨) માથામાં કોઈ ભારે ઈજા થાય (માથા પર કોઈ જોરદાર ધક્કો, ફટકો કે આઘાત લાગે)

(૩) મગજના ટિશ્યુ નાશ પામે અને મગજ પર સોજો આવે.

(૪) મગજને લોહી પહોંચાડતી નસ ફૂલી જાય અને તેના કોષો પર સોજો આવે, ત્યારે મગજને લોહી પહોંચતું બંધ થઈ શકે અથવા તે નસ ફાટી જાય.

(૫) મગજમાં ટ્યુમર (ગાંઠ) બંધાય જે મગજના ટિશ્યુનો નાશ કરે અને મગજના કોષો પર દબાણ લાવ્યા કરે.

જ્યારે ઉપરમાંથી કોઈ કારણ ઊભું થાય ત્યારે મગજ પર સોજો આવે. મગજની આસપાસ ખોપરીનું રક્ષાકવચ છે- પણ આવે વખતે મગજને માટે તે બંધન બને છે, મગજ ફૂલી શકે તેટલી જગ્યા તેની આસપાસ હોતી નથી. આથી ખોપરીની અંદરનું દબાણ વધી જાય છે. આને લીધે પણ મગજમાં લોહી આવતું બંધ થઈ જાય છે અને મગજના કોષો નષ્ટ થાય છે.

### મગજનું મૃત્યુ કઈ રીતે સમજી શકાય ?



જે ડૉક્ટરો દર્દીની ચિકિત્સા સાથે જોડાયેલા ન હોય તેઓ તેને સ્વતંત્ર રીતે તપાસી લીધા પછી આ બાબતે નિર્ણય આપે છે. કેટલાંક ખાસ પરીક્ષણો કર્યા બાદ તેઓ કહી શકે છે કે દર્દી ખરેખર મગજથી મૃત થઈ ચૂક્યો છે.

### મૃતશરીર કિડનીદાન (કેડેવર કિડની ડોનેશન) (સી.કે.ડી) શું છે ?

જ્યારે કોઈ વ્યક્તિ મગજથી મૃત જાહેર થાય ત્યારે તેનું શરીર મૃત શરીર અથવા કેડવેર તરીકે ઓળખાય છે. જો તે શરીરમાંથી કિડનીઓનું દાન આપવામાં આવે તો તેને કેડવેરીક કિડની ડોનેશન કહે છે.

### અંગોનું દાન કોણ કરી શકે ?

જો કોઈ વ્યક્તિ ૧૮ થી ૫૫ વર્ષની ઉંમરની હોય તો તેનાં અંગોનું દાન થઈ શકે છે.

### મૃતશરીરમાંથી કેટલાં લોકોને મદદ થઈ શકે ?

ઓછામાં ઓછી બે વ્યક્તિઓને ૧-૧ કિડની આપીને મદદ થઈ શકે. મૃત વ્યક્તિનાં સંબંધીઓ તેના અન્ય અંગોનું પણ દાન કરી શકે અને ૮ જેટલી વિવિધ રોગોથી પીડિત વ્યક્તિઓની મદદ કરી શકે છે.

### સી.કે.ડી.ની પ્રક્રિયામાં કોણ કોણ સંમિલિત છે ?

આમાં સહુથી વધુ મહત્ત્વનાં લોકો મૃત વ્યક્તિનાં સંબંધીજનો હોય છે. પછી પ્રત્યારોપણના સંચાલકો છે, જેઓ સંબંધીઓને આ કિડનીદાન કરવા માટે પ્રેરે છે અને સમજ આપે છે. ત્યાર પછી વિશિષ્ટ તબીબો જેમકે નેફ્રોલોજીસ્ટ, યુરોલોજીસ્ટ, ન્યુરોલોજીસ્ટ વગેરે આ પ્રત્યારોપણ કાર્યમાં સંમિલિત થનાર વ્યક્તિઓ છે.

### શું દાતા પરિવારે કશું ખર્ચ ચૂકવવાનું હોય છે.

ના. તમારે કે પરિવારે અંગને બીજી વ્યક્તિમાં મૂકવાની કોઈ પ્રક્રિયાનો ખર્ચ આપવાનો રહેતો નથી.

### શું દાતા પરિવારને કોઈ રૂપિયાનો લાભ થશે ?

ના.

### શું કિડનીઓ કાઢી લેવાથી બાકીનું શરીર વિકૃત થશે ?

ના. આપણે જે સામાન્ય કપડાં પહેરીએ છીએ તેને લીધે અંગ લઈ લીધા બાદનાં નિશાન ઢંકાઈ જઈ શકે છે. રીતરિવાજ મુજબ થતી અંતિમક્રિયામાં પણ આ કાર્ય અવરોધક નથી.

### સી.કે.ડી.ને પરવાનગી આપતો ભારતમાં કયો કાયદો છે ?

૧૯૯૪માં ઘડાયેલો ‘હોતા’ એટલે કે “હ્યુમન ઓર્ગન્સ ટ્રાન્સપ્લાન્ટેશન એક્ટ”નો કાયદો સી.કે.ડી.ની પરવાનગી આપે છે.

### શું કિડનીને વેચવાની પરવાનગી મળી શકે છે ?

‘હોતા’ નો કાયદો કિડનીના વેચાણનો સ્પષ્ટ નિષેધ કરે છે.

### શું મારા પરિવારજનોની સંમતિ વિના મારી કિડનીઓ કાઢી લેવાશે ?

તમે સ્વયં પોતાના મૃત્યુ પહેલાં અંગદાન જાહેર કર્યું હશે તો પણ, કાયદાની જોગવાઈ છે કે, નજીકનાં સ્વજનો કે સંબંધીઓની સંમતિ અંગદાનનાં અંગો લેવા